# ભરૂચ જિલ્લામાં કેમિકલથી હીરા ઉદ્યોગ સુધી મંદીનાં વાદળો મંડરાયાં

**યુદ્ધના** ધુમાડા વચ્ચે ગુજરાતના ઉદ્યોગોની ચિંતા વધી



ભરૂચઃ ઈરાન-ઈઝરાયેલ વચ્ચે વધતા તણાવ અને સંભવિત યુદ્ધના કારણે વૈશ્વિક અર્થતંત્રમાં ચિંતાતુર માહોલ સર્જાયો છે, જેની સૌથી વધુ અસર ગુજરાતના મુખ્ય ઉદ્યોગો પર પડવાની આશંકા છે. રશિયા-યુક્રેન બાદ હવે મધ્ય-પૂર્વમાં ભડકેલા આ યુદ્ધના કારણે ભરૂચ કેમિકલ ઉદ્યોગથી લઈને સુરતના ડાયમંડ અને ટેક્સટાઈલ ઉદ્યોગથી સુધીના ક્ષેત્ર પર સંકટનાં વાદળો ઘેરાયાં છે. તાજેતરમાં જ ટેરિફ રાહતથી જે તેજીની આશા હતી, તેના પર હવે અનિશ્ચિતતાનું પાણી ફરી વળ્યું છે.

આ યુદ્ધથી ગુજરાતના કયા-કયા મુખ્ય ઉદ્યોગોને સૌથી વધુ ફટકો પડી શકે છે, જેમાં ભરૂચ અંકલેશ્વર કેમિકલ અને પેટ્રોલ કેમિકલ્સ ઝોન આવેલો છે. ભરૂચ સહિત ગુજરાતને ભારતનું 'પેટ્રોકેમિકલ હબ' કહેવામાં આવે છે. યુદ્ધના કારણે ક્રૂડ ઓઈલના ભાવમાં આકાશી ઉછાળો આવશે. જેની સીધી અસર કેમિકલ્સ બનાવવા માટે વપરાતાં રો-મટિરિયલ (નેપ્થા, બેન્ઝીન) પર પડશે. અંકલેશ્વર અને દહેજની હજારો નાની-મોટી કેમિકલ ફેક્ટરીઓના ઉત્પાદન ખર્ચમાં વધારો થશે, જેનાથી નફાનું માર્જિન ઘટી જશે. જો ઉદ્યોગો આ ભાર વધારો ગ્રાહકો પર નાંખશે તો પ્લાસ્ટિક, પેઈન્ટ્સ અને રોજિંદી વસ્તુઓ મોંઘી થશે.

સાથે હીરા નગરી સુરતને પણ આ યુદ્ધથી અસર થાય એવી સંભાવના છે.સુરત વિશ્વના 90 ટકા જેટલા હીરાનું પોલિશિંગ કરે છે. વૈશ્વિક બજારમાં અસ્થિરતા વધતા અમેરિકા અને યુરોપ જેવા દેશોમાં લક્ઝરી વસ્તુઓની માંગ ઘટવાની ભીતિ છે. આ સાથે જ સોનાના ભાવમાં ઉછાળો આવતા સ્થાનિક બજારમાં પણ મંદી આવી શકે છે. સુરતના હીરા ઉદ્યોગમાં ઓર્ડરમાં ભારે ઘટાડો થઈ શકે છે. વિશ્વભરમાં પ્રચલિત સિરામિક ઉદ્યોગ તરીકે મોરબી ટાઈલ્સ અને સેનેટરીવેર માટે ઓળખાય છે. યુદ્ધના કારણે દરિયાઈ માર્ગે નિકાસ માટે વપરાતા કન્ટેનરના ભાડા (ફ્રેઈટ રેટ) અને વીમામાં ભારે વધારો થશે.

મોરબીની મોટા ભાગની નિકાસ મધ્ય-પૂર્વ (મિડલ ઈસ્ટ)ના દેશોમાં થાય છે. પરિવહન ખર્ચ વધવાથી મોરબીની ટાઈલ્સ આંતરરાષ્ટ્રીય બજારમાં મોંઘી પડશે, જેની સીધી અસર વેચાણ પર પડશે.

હોર્મુઝની સામુદ્રધુનીમાં તણાવને કારણે ખાડીના દેશોમાંથી આવતા તેલ અને ગેસના જહાજો અટકી શકે છે. કંડલા અને મુંદ્રા બંદર પર કાર્ગો હેન્ડલિંગમાં ઘટાડો થશે અને શિપિંગમાં વિલંબ થવાથી આયાત-નિકાસ વ્યવસાયોને મોટું નુકસાન થવાની શક્યતા છે. ગુજરાતમાં કૃષિ પેદાશો મગફળી, કપાસ, જીરુ થાય છે.

આ કૃષિ પેદાશોની નિકાસ મોટા પાયા પર થાય છે. ઈરાન અને અન્ય ખાડીના દેશો ગુજરાતની કૃષિ વસ્તુઓ (ખાસ કરીને જીરુ અને મગફળી)ના મોટા ખરીદદાર છે. જો શિપિંગ રૂટ પ્રભાવિત થયો, તો આ નિકાસ અટકી શકે છે. આ યુદ્ધ ગુજરાતના ઉદ્યોગો માટે મોંઘો કાચો માલ, વધતું ટ્રાન્સપોર્ટેશન અને નિકાસમાં ઘટાડો લાવી શકે છે. જો સંઘર્ષ લાંબો ખેંચાયો, તો ભરૂચ, સુરત અને મોરબી જેવાં ઔદ્યોગિક શહેરોમાં રોજગારી પર ઊંડી અસર થવાની ભીતિ દેખાઈ રહી છે.

## મહારાષ્ટ્ર કતલખાને લઈ જવાતી 17 ભેંસનો ઉગારો

**વાલોડ** પોલીસની કાર્યવાહી, રૂ.૧૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત

વાલોડઃ વાલોડ પોલીસ દ્વારા ૧૭ ભેંસોને ક્રૂરતાપૂર્વક મહારાષ્ટ્ર લઈ જતો ટેમ્પો ઝડપી પાડી કુલ રૂ.૧૩.૫૦ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર બાજીપુરા સુમુલ ડેરી બ્રિજ પાસે નેશનલ હાઈવે નં.૫૩ પરથી પસાર થતા આઈસર ટેમ્પો નં.(GJ-22-U-4326)ને વાલોડ પોલીસે અટકાવી તપાસ કરતાં તેમાં ૧૭ ભેંસો ક્રૂરતાપૂર્વક ભરેલી મળી આવી હતી.

તપાસમાં બહાર આવ્યું છે કે, આ પશુઓને આણંદના સામરખા ખાતે આવેલા પરવેઝ સિંધીના તબેલામાંથી ભરી મહારાષ્ટ્રના માલેગાંવ ખાતે વેચાણ અર્થે લઈ જવામાં આવી રહ્યા હતા. ટેમ્પો ચાલક આકીલહુસેન આરીફહુસેન શેખ(રહે.,તરસાણા, મુસલમાન ફળિયું, ડભોઈ) અને તોસીફ મકરાણી (રહે.,સેલંબા, નર્મદા) એ પશુઓને ઘાસચારા, પાણી કે પ્રાથમિક સારવારની સુવિધા વિના અને કોઈ પણ સક્ષમ અધિકારીના પ્રમાણપત્ર વગર ટૂંકા દોરડા વડે ખીચોખીચ બાંધીને હેરફેર કરી રહ્યા હતા.

પોલીસે રૂ.૮,૫૦,૦૦૦ની કિંમતની ૧૭ ભેંસ અને રૂ. ૫,૦૦,૦૦૦ની કિંમતનો ટેમ્પો મળી કુલ રૂ.૧૩,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે વાલોડ પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ કરી છે.

આ કેસની વધુ તપાસ ASI સરજીતભાઈ બચુભાઈ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

## ભરૂચના ટેકનિશિયન સાથે ઠગાઈ

ભરૂચઃ શહેરના શક્તિનાથ વિસ્તારમાં રહેતા અને SRF દહેજમાં મેન્ટેનન્સ ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા તુષાર મહેતા (ઉં.વ.40) સાથે 9.12 લાખની ઓનલાઈન છેતરપિંડીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ઠગે બેન્ક મેનેજર હોવાની ઓળખ આપી KYC અપડેટ કરવાના બહાને પીડિતને એક 'APK' ફાઈલ મોકલી હતી. આ એપ ઈન્સ્ટોલ કરતા જ પીડિતનું વોટ્સએપ હેક થયું હતું અને તમામ મેસેજ ઠગ પાસે પહોંચવા લાગ્યા હતા. ઠગે પીડિતના ખાતામાંથી 2.74 લાખ ટ્રાન્સફર કરવા ઉપરાંત, તેમના નામે 6.62 લાખની પર્સનલ લોન પણ મેળવી લીધી હતી. લોનની રકમ ખાતામાં જમા થતા જ ગણતરીના કલાકોમાં ઠગે તે ઉપાડી લીધી હતી. અંતે ખાતામાં માત્ર રૂ.98 બાકી રહેતા છેતરપિંડીની જાણ થઈ હતી. ભરૂચ સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી PI વનરાજસિંહ ડોડિયાએ વધુ તપાસ હાથ ધરી છે.

## ઉચ્છલ તાલુકાના પેટ્રોલ પંપો પર ઇંધણ માટે લાંબી લાઈનો લાગી!



વ્યારાઃ ઉચ્છલના પેટ્રોલ પંપો પર ગતરોજ વાહનોની લાંબી કતાર લાગી ગઈ હતી. ઈરાન અને ઈઝરાયેલ યુદ્ધની અસરને કારણે પેટ્રોલ-ડીઝલની આગામી દિવસોમાં અછત ઊભી થશે તેવા ભયથી ઉચ્છલ તાલુકાના પેટ્રોલ પંપો પર સવારથી વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. સાથે જ સોશિયલ મીડિયામાં ડીઝલ-પેટ્રોલના ભાવવધારો અને ખોટા પુરવઠા અંગે ચર્ચા વાઇરલ થતાં લોકો પેટ્રોલ-ડીઝલ લેવા ઊમટી પડ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલી કોર્ટ સંકુલમાં વકીલોનું મતદાન




બારડોલીઃ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની કુલ 23 બેઠક માટે શુક્રવારે રાજ્યભરમાં મતદાન યોજાયું હતું, જેમાં બારડોલી કોર્ટ સંકુલ ખાતે પલસાણા, બારડોલી અને મહુવા તાલુકાના વકીલોએ ભારે ઉત્સાહ સાથે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. આ ચૂંટણીમાં 18 સામાન્ય અને 5 મહિલા બેઠકો મળી કુલ 23 બેઠક માટે 99 ઉમેદવાર મેદાનમાં હતા, જેને પગલે વકીલો વચ્ચે રસપ્રદ જંગ જોવા મળ્યો હતો. બારડોલી કેન્દ્ર પર ત્રણેય તાલુકાના કુલ 281 નોંધાયેલા વકીલોમાંથી 182 વકીલોએ મતદાન પ્રક્રિયામાં ભાગ લીધો હતો. સવારે 10:30 કલાકે એક સિનિયર વકીલ દ્વારા મતદાનનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. સાંજે 4 વાગ્યા સુધી ચાલેલી આ પ્રક્રિયા દરમિયાન બારડોલી કોર્ટ સંકુલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. સમગ્ર મતદાન શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયું હતું. વકીલ આલમમાં આ ચૂંટણીને લઈને દિવસભર ભારે ચહલપહલ જોવા મળી હતી.

### ભરૂચ કોર્ટમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણી માટે મતદાન યોજાયું




ભરૂચ: બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આગામી 5 વર્ષની ટર્મ માટેની રાજ્યવ્યાપી ચૂંટણી અંતર્ગત ભરૂચ જિલ્લા કોર્ટ પરિસરમાં ઉત્સાહભેર અને શાંતિપૂર્ણ મતદાન યોજાયું હતું. ભરૂચના કુલ 1032 નોંધાયેલ વકીલો પૈકી 660 મતદારે પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સવારે 10:30થી સાંજે 5 વાગ્યા સુધી ચાલેલી આ પ્રક્રિયામાં વકીલોએ પસંદગીના ઉમેદવારોને પ્રાધાન્ય ક્રમ આપી મતદાન કર્યું હતું. રાજ્યભરના કુલ 99 માન્ય ઉમેદવારમાં ભરૂચ જિલ્લામાંથી અશોક દાની (અંકલેશ્વર), અજબખાન સિપાઈ અને નસીમુદ્દીન કાદરી નસીબ અજમાવી રહ્યા છે. સમગ્ર પ્રક્રિયાનું સંચાલન મુખ્ય ચૂંટણી કમિશનર સન્મુખ એસ. રાણા અને તેમની સહાયક ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. વહીવટી તંત્રની કુનેહને કારણે સમગ્ર મતદાન પ્રક્રિયા પારદર્શક રહી હતી. હવે તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો 9 માર્ચે યોજાનારી મતગણતરી બાદ થશે.

### દેવમોગરાથી દર્શન કરી પરત ફરતા પરિવારને અકસ્માત, એકનું મોત

ભરૂચ: ભરૂચ જિલ્લાના વાલિયા તાલુકાના રૂપનગર નજીક સર્જાયેલા એક ગોઝારા માર્ગ અકસ્માતમાં અંકલેશ્વરના એક પરિવારની ખુશીઓ માતમના ફેરવાઈ ગઈ છે. અંકલેશ્વરના ભરૂચી નાકા વિસ્તારમાં રહેતા યોગેશભાઈ પરમાર ગત 5મી માર્ચના રોજ તેમનાં માતા સવિતાબેન અને બહેન ફાલ્ગુનીબેન સાથે દેવમોગરા માતાજીના દર્શન કરવા ગયાં હતાં. બપોરના સમયે નેત્રંગથી અંકલેશ્વર તરફ પરત ફરી રહ્યા હતા ત્યારે વાલિયાના રૂપનગર SRP ગ્રૂપ પાસે આવેલી એકલવ્ય સ્કૂલની સામે માર્ગ પર ઊભેલી એક ઇકો કારના પાછળના ભાગે તેમની કાર ધડાકાભેર અથડાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં કારની આગળની સીટ પર બેઠેલા 63 વર્ષીય સવિતાબેન પરમારને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું સારવાર દરમિયાન કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં કાર ચલાવી રહેલા યોગેશભાઈને હાથે ફ્રેક્ચર અને બહેન ફાલ્ગુનીબેનને માથા તેમજ ગળાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી કરી ઈજાગ્રસ્તોને વાલિયા અને ત્યારબાદ વધુ સારવાર માટે અંકલેશ્વર ખસેડ્યા હતા. આ મામલે વાલિયા પોલીસે માર્ગ પર જોખમી રીતે વાહન ઉભું રાખનાર ઇકો ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### જંબુસરના ટંકારી ભાગોળ વિસ્તારમાં હેર સલૂનમાં આગ ભભૂકી ઊઠી



ભરૂચઃ જંબુસર શહેરના ટંકારી ભાગોળ વિસ્તારમાં આવેલા 'એડવાન્સ હેર સલૂન'માં શુક્રવારે અચાનક આગ ફાટી નીકળી હતી. આ અકસ્માતમાં સલૂનનો સંપૂર્ણ વ્યવસાય બળીને ખાખ થઈ જતાં માલિકને લાખો રૂપિયાનું નુકસાન થયું હોવાનું પ્રાથમિક અનુમાન છે. પ્રાથમિક તપાસમાં વિદ્યુત શોર્ટ સર્કિટને કારણે આ દુર્ઘટના બની હોવાનું બહાર આવ્યું છે.

### મહુવેજ ગામે છ જુગારી ઝડપાયા

હથોડાઃ કોસંબા પોલીસકર્મી ચિરાગભાઈએ બાતમીના આધારે તાબા હેઠળ મહુવેજ ગામે ગંજીપાના વડે હારજીતનો જુગાર રમી રહેલા છ જુગારી અનિલ તુલસી વસાવા, સચિન અરુણ પાનપાટીલ, રાજન બુધા વસાવા, કિશન અર્જુન વસાવા, બળવંત દામજી વસાવા અને કાંતિ ભાણા વસાવાને મોબાઇલ સહિત રૂ.33,000ના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા.

### કંટવા ગામમાં આધેડે ફાંસો ખાધો

હથોડાઃ કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના કંટવા ગામે પરમાર ફળિયામાં રહેતા બળવંતભાઈ અમીરભાઇ પરમાર (ઉં.વ.56)એ નાઓ કેટલાક વખતથી બીમાર રહેતા હોવાથી નોકરી ધંધાર્થે પણ નહીં જઈ શકતાં પરેશાન હતા. આથી આંબા ઉપર દોરી વડે ફાંસો ખાઈ મોત વહાલું કરી લીધું હતું. આ બનાવ અંગે મોડી સાંજે કોસંબા પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

## ટોકરવામાં ખેડૂતનાં 48 સાગ-સીસમનાં ઝાડ ઉખેડાયાં, 2 વર્ષથી વળતર નહીં

**220 કરોડની તાપી-સોનગઢ થઈ સુબીર જતી પાણી પુરવઠા યોજના વિવાદમાં**



સોનગઢઃ તાપીથી સુબીર (ડાંગ) સુધી જતી અંદાજે 220 કરોડની મહત્વાકાંક્ષી પાણી પુરવઠા યોજના હવે ખેડૂતોના હિતોને લઈ વિવાદમાં આવી છે.

મળતી માહિતી મુજબ સોનગઢના ટોકરવા ગામે ઉમેશભાઈ ગામીતની સરવે નં.185 વાળી જમીનમાંથી પાણી પુરવઠાની પાઇપલાઇન પસાર કરવામાં આવી હતી. કામગીરી દરમિયાન તેમના ખેતરમાં ઈભેલા અંદાજે 48 જેટલા કીમતી સાગ અને સીસમના ઝાડોને ઉખેડી નાંખવામાં આવ્યાં હતાં. આ વિસ્તારમાં કુલ 12 જેટલા ખેડૂતોને નુકસાન થયું હતું, જેમાંથી 9 ખેડૂતોને વળતર ચુકવાઈ ગયું હોવાનું જણાવવામાં આવે છે. જોકે ઉમેશભાઈ ગામીત સહિત અન્ય 3 ખેડૂતો હજુ પણ વળતરથી વંચિત હોવાનું જણાવવામાં આવે છે.

ઉમેશભાઈ ગામીતનો આક્ષેપ છે કે તેઓ છેલ્લાં બે વર્ષથી સુબીર પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ પાસે રજૂઆતો કરી રહ્યા છે, પરંતુ દર વખતે 'સરકારી ધારા-ધોરણ મુજબ વળતર મળી જશે' કહીને મામલો ટાળી દેવામાં આવે છે. બે વર્ષ બાદ પણ એકપણ રૂપિયો ન મળતા ખેડૂતમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. તંત્રની ઉદાસીનતાથી કંટાળીને ઉમેશભાઈએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે યોગ્ય વળતર ચૂકવવામાં નહીં આવે તો તેઓ પોતાની જમીનમાં નાંખવામાં આવેલી પાણીની પાઇપલાઇન ઉખેડી નાંખશે. હાલ પીડિત ખેડૂત તંત્ર પાસેથી ન્યાયની આશા રાખીને બેઠા છે.

**મારું ફોર્મ સ્વીકારવામાં આવ્યું નહોતું**

ખેતરમાં થયેલા ઝાડના નુકસાન અંગે વળતર માટે મેં એક વર્ષ પહેલા ફોર્મ ભરી સુબીર પાણી પુરવઠા કચેરીમાં આપવાનું પ્રયત્ન કર્યું હતું, પરંતુ મારું ફોર્મ સ્વીકારવામાં આવ્યું નહોતું.

– ઉમેશભાઈ જેઠિયાભાઈ ગામીત, ખેડૂત, ટોકરવા

**ફોર્મ હજુ સુધી અમારી કચેરીમાં આવ્યું નથી**

ખેડૂતનું ફોર્મ હજુ સુધી અમારી કચેરીમાં આવ્યું નથી. સરકારી દર અને જીઆર મુજબ જ વળતર ચૂકવવામાં આવશે. હું જાતે ફોર્મ લેવા ગયો હતો, પરંતુ ખેડૂત દ્વારા વધારે વળતર માંગવામાં આવતું હોવાનું જાણવા મળ્યું.

-અધિક મદદનીશ એન્જિનિયર, પાણી પુરવઠા યોજના, સુબીર, ડાંગ

## પલસી ગામમાં નજીવી બાબતે આધેડ પર હુમલો

**સોમાભાઈએ** મને જોઈને સવારે કેમ ભાગી ગયો હતો? એમ પૂછતાં સુરેશ ઉશ્કેરાઈ ગયો હતો

સુરતઃ નાંદોદ તાલુકાના પલસી ગામે સામાન્ય બોલાચાલીમાં એક પ્રૌઢ પર લાકડી વડે જીવલેણ હુમલો થયો હતો. જેમાં તેમને માથામાં છ ટાંકા આવ્યા હતા.

નાંદોદના પલસી ગામના નીચલા ફળિયામાં રહેતા અને ખેતમજૂરી કરતા ૪૫ વર્ષીય સોમાભાઈ ગોવિંદભાઈ વસાવા ગત રોજ સવારે મજૂરીકામે જવા નીકળ્યા હતા, પરંતુ હોળીના તહેવારને કારણે મજૂરો ન મળતાં તેઓ વહેલા ઘરે પરત ફર્યા હતા. ઘરે પરત ફરતી વખતે ગામનો જ સુરેશ રાયસિંગ વસાવા ત્યાં હાજર હતો, જે સોમાભાઈને જોઈને ભાગી ગયો હતો.

બપોરના સમયે જ્યારે સોમાભાઈ ફરી ઘરે આવ્યા ત્યારે સુરેશ ત્યાં હાજર હતો. સોમાભાઈએ મને જોઈને સવારે કેમ ભાગી ગયો હતો? એનું કારણ પૂછતાં સુરેશ ઉશ્કેરાઈ ગયો હતો અને ગાળો આપવા લાગ્યો હતો. ગાળો બોલવાની ના પાડતાં સુરેશે આંગણામાં પડેલી લાકડી વડે સોમાભાઈના માથાના ભાગે બે-ત્રણ સપાટા ઝીંકી દીધા હતા.

આ હુમલામાં સોમાભાઈનું માથું ફાટી જતાં લોહીલુહાણ હાલતમાં તેઓ ફસડાઈ પડ્યા હતા. આસપાસના લોકો ભેગા થઈ જતાં હુમલાખોર સુરેશ જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી છૂટ્યો હતો. ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્તને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમને માથાના ભાગે કુલ ૬ ટાંકા આવ્યા છે. રાજપીપળા પોલીસે આ અંગે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

## રાજપીપળા જેલમાં કેદીએ કલરના ડબલામાં છુપાવેલો મોબાઈલ ઝડપાયો


સુરતઃ અમદાવાદ સ્થિત જેલ અને સુધારાત્મક વહીવટની કચેરીના જેલર ડી.આર.કરંગીયા અને તેમની ટીમ (રેડ પાર્ટી) દ્વારા ૪ માર્ચ ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે રાજપીપળા જેલમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. સર્ચ દરમિયાન ઓપન થિયેટર પાસેના રૂમમાં રહેલા કાચા કામના કેદી કાંતિલાલ જોલુભાઈ પાડવીએ સ્ક્વોડને જોઈને પોતાની પાસેની શંકાસ્પદ વસ્તુ ઓઈલ પેન્ટના ડબલામાં નાંખી દીધી હતી. હવાલદાર કમલેશભાઈએ સતર્કતા દાખવી ડબલાની તપાસ કરતાં તેમાંથી પ્લાસ્ટિકમાં વીંટાળેલો નેવી બ્લુ કલરનો કીપેડવાળો મોબાઈલ મળી આવ્યો હતો. આરોપી કાંતિલાલે મોબાઈલ પોતાનો હોવાની કબૂલાત કરી હતી .આ ફોનમાં બે સિમ સ્લોટ છે પરંતુ સિમકાર્ડ મળી આવ્યું નથી.

## અંકલેશ્વર હાઈવે પર લક્ઝરી બસ સાથે અથડાતાં બાઈકચાલક ઘાયલ

અંકલેશ્વરઃ સુરતથી અંકલેશ્વર તરફ જતા માર્ગ પર અંસાર માર્કેટ પાસે આવેલી નવજીવન હોટલ નજીક લક્ઝરી બસના ચાલકે પૂરઝડપે બસ હંકારતા બાઈક સવારને ટક્કર મારી હતી. આ બનાવમાં બાઈકચાલક રોડ પર લોહીલુહાણ હાલતમાં પડી ગયો હતો. અકસ્માત બાદ ઈજાગ્રસ્ત બાઈક સવારને પ્રાથમિક સારવાર આપ્યા બાદ વધુ સારવાર માટે નજીકની ખાનગી હોસ્પિટલમાં દાખલ કર્યો હતો. અકસ્માતને કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ સર્જાયો હતો.

## કોસંબામાં આડેધડ ટ્રાફિક સામે નવા પીઆઈની કડક કાર્યવાહી

**છેલ્લા** કેટલાક સમયથી કોસંબા પંથક ટ્રાફિક સમસ્યા વિકરાળ બની હતી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા પોલીસ સ્ટેશનમાં નવા નિમાયેલા PI રાકેશ મારુએ પદભાર સંભાળતાની સાથે જ કોસંબા-તરસાડી વિસ્તારમાં સર્જાતી 'જંગલરાજ' જેવી ટ્રાફિકની સમસ્યા સામે લાલ આંખ કરી છે. શુક્રવારે મોડી સાંજે તેમણે આડેધડ વાહન પાર્ક કરનારાં તત્ત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરતાં વાહનચાલકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

કોસંબા અને તરસાડીના માર્ગો પહોળા હોવા છતાં, કેટલાંક માથાભારે તત્ત્વો પોતાનાં વાહનો આડેધડ પાર્ક કરીને રસ્તો બ્લોક કરી દેતા હતા. જેના કારણે સામાન્ય નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકી ભોગવવી પડતી હતી. અગાઉ ઢીલી નીતિને કારણે લોકો હેરાન થતા હતા. જો કે, નવા PI રાકેશ મારુએ કાર્યભાર સંભાળતા જ પરિસ્થિતિ સુધારવા કમર કસી છે. શુક્રવારે સાંજે તેઓ પોતાના સ્ટાફ સાથે માર્ગો પર ઊતરી આવ્યા હતા અને ટ્રાફિકને નડતરરૂપ વાહનો સામે કાયદેસરની કાર્યવાહી શરૂ કરી હતી. પોલીસની આ આક્રમક કામગીરીને ફફડાટ ફેલાયો છે.

## ખરવાણમાં ભણતી પુત્રીને પિતાએ ગાળો ભાંડી લાકડાના ફટકા માર્યા

**માતા-પુત્રી** પર હુમલો કરનાર મહેન્દ્ર જોષી વિરુદ્ધ પોલીસ ફરિયાદ

અનાવલઃ મહુવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા ખરવાણ ગામેથી અભ્યાસ જેવી બાબતે પિતાએ ઉશ્કેરાઈ જઈને પત્ની અને ધો.10માં ભણતી પુત્રી પર લાકડાના ફટકા વડે હુમલો કર્યો હતો. આ બનાવમાં ઘાયલ માતા-પુત્રીને હોસ્પિટલ ખસેડાયાં હતાં.

ખરવાણ ગામના જોષી ફળિયામાં રહેતાં હિનાબેન મહેન્દ્રભાઈ જોષીએ તેના પતિ મહેન્દ્રભાઈ છોટુભાઈ જોષી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યા અનુસાર ગત 5 માર્ચે સાંજે તેમની પુત્રી, જે હાલ ધો.10માં અભ્યાસ કરે છે, તે ઘરના પલંગ પર બેસીને બોર્ડની પરીક્ષાની તૈયારી કરી રહી હતી. દરમિયાન પિતા મહેન્દ્રભાઈ ત્યાં આવી પહોંચ્યા હતા અને પુત્રીને પલંગ પર બેસીને ભણતી જોઈ ઉશ્કેરાઈ ગયા હતા. તેમણે પુત્રીને ગાળો આપી 'ભણવા માટે ઘરમાં બીજી કોઈ જગ્યા નથી?' તેમ કહી ઝઘડો શરૂ કર્યો હતો. જ્યારે પત્નીએ કહ્યું કે, તું કેમ છોકરીને ગાળો બોલ્યા કરે છે. તેની બોર્ડની પરીક્ષા ચાલે છે. તને ખબર નથી પડતી કે? એમ કહી પતિને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો. ત્યારે આરોપી પતિએ પત્નીને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ઘરમાં પડેલા લાકડાના ફટકા વડે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી. જ્યારે પુત્રી તેની માતાને બચાવવા વચ્ચે પડી, ત્યારે પિતાએ તેને પણ માર મારી લાકડાના ફટકાથી જમણા હાથના કાંડાના ભાગે ઈજા પહોંચાડી હતી. આરોપીએ પત્ની અને પુત્રીને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપી હતી. ઈજાગ્રસ્ત માતા-પુત્રીને સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં હતાં. મહુવા પોલીસે આ મામલે મહેન્દ્રભાઈ છોટુભાઈ જોષી વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.